# Gujarati (110)
# Marking Scheme
## Class. XII (2025-26)

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. | The question paper is divided in two parts. |
| ➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવશે.<br>➢ | Part A: Objective type questions. (MCQ) and very short question |
| દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે.<br>(અ) વિભાગ કુલ 40 ગુણનો હશે. | Each Answer carries 1 mark.<br>Total - 40 marks. |
| ➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો | Part B: Subjective Descriptive questions |
| ➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે. | As per the instructions given the questions and answers of this section have to be written. |
| ➢ કુલ ગુણ 40<br>➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | Total - 40 marks.<br>Please write down the serial number of the question before attempting it. |

## ગુજરાતી
## ધોરણ-XII (110)

સમય – 3 કલાક — Time: 3 hrs.

કુલ ગુણ -80 — M.M.- 80

### PART A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો) (40)
### (Advanced Reading Skill)

**પ્રશ્ન-1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (5x1=5)**

શ્રેષ્ઠ પુસ્તકોને ઉત્તમ મિત્રો ગણી શકાય. તેઓ આપણને સુખદુઃખમાં સાથ આપે છે. સમભાવપૂર્વક રહેવાની પ્રેરણા આપે છે. મુશ્કેલીમાં સહિષ્ણુતા જાળવવાની ક્ષમતા પુસ્તકો જ આપણને શીખવે છે. સતત પ્રયત્નશીલ રહેવાની વાત તે આપણને કહી જાય છે. ગાંધીજીનું પુસ્તક 'સત્યના પ્રયોગો' વાંચીને તો નિખાલસતા અને સત્ય પર જીવન ટકાવવાની પ્રેરણા મળે છે. વિજ્ઞાન વિષયક પુસ્તકના વાચનથી અવનવી શોધોની માહિતી પ્રાપ્ત થાય છે. અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજોમાંથી બહાર લાવવા પણ આવા જ્ઞાનસભર પુસ્તકો જ ભાગ ભજવે છે. શ્રેષ્ઠ પુસ્તકો વાંચવાથી આપણા વ્યક્તિત્વમાં પણ પરિવર્તન આવી શકે છે. આજકાલ લોકો પાસે વાંચવાનો, પુસ્તકાલયમાં જવાનો સમય જ રહ્યો નથી. તેમની રુચિ પણ

બદલાઈ છે. પરિણામે  વાચકોની સંખ્યા ઘટતી જાય છે. આમ, છતાં સારાં પુસ્તકોનું જીવનમાં એટલું જ મહત્ત્વ છે. સંસ્કારી કુટુંબોમાં તેનું સ્થાન છે જ ચાલો, આપણે પણ આવા ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી કરીએ. તેમને આપણા જીવનમાં સ્થાન આપી તેમાંથી યોગ્ય સંસ્કાર અને માર્ગદર્શન મેળવીએ.

**પ્રશ્નો:**

(I) શ્રેષ્ઠ પુસ્તકો આપણને શું શીખવે છે?

ઉત્તર: શ્રેષ્ઠ પુસ્તકો આપણને સુખદુઃખમાં સાથ આપે છે. સમભાવપૂર્વક રહેવાની પ્રેરણા આપે છે. મુશ્કેલીમાં સહિષ્ણુતા જાળવવાની ક્ષમતા પુસ્તકો જ આપણને શીખવે છે.

(II) 'સત્યના પ્રયોગો' પુસ્તક વાંચવાથી શું પ્રેરણા મળે છે?

ઉત્તર: ગાંધીજીનું પુસ્તક 'સત્યના પ્રયોગો' વાંચીને તો નિખાલસતા અને સત્ય પર જીવન ટકાવવાની પ્રેરણા મળે છે.

(III) વિજ્ઞાન વિષયક પુસ્તકના વાચનથી શું પ્રાપ્ત થાય છે?

ઉત્તર: વિજ્ઞાન  વિષયક પુસ્તકના વાચનથી અવનવી શોધોની માહિતી પ્રાપ્ત થાય છે.અંધશ્રદ્ધા,વહેમો અને કુરિવાજોમાંથી બહાર લાવવામાં આવા જ્ઞાનસભર પુસ્તકો જ ભાગ ભજવે છે.

(IV) પુસ્તકના વાચકોની સંખ્યા કેમ ઘટતી જાય છે?

ઉત્તર: આજકાલ લોકો પાસે વાંચવાનો, પુસ્તકાલયમાં જવાનો સમય જ રહ્યો નથી. તેમની રુચિ પણ બદલાઈ છે. પરિણામે વાચકોની સંખ્યા ઘટતી જાય છે. આમ છતાં સારા પુસ્તકોનું જીવનમાં એટલું જ મહત્ત્વ છે. સંસ્કારી કુટુંબોમાં તેનું સ્થાન છે જ.

(V) ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી કરીને શું મેળવી શકાય છે?

ઉત્તર: ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી કરવાથી તેમાંથી યોગ્ય સંસ્કાર અને માર્ગદર્શન મેળવી શકીએ છીએ.

**પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** **(5x1=5)**

આપણે તો આવળ, બાવળ, બોરડી, કેસર ઘોળ્યા ગલના ગોટા જી;

હલકાં તો પારેવાની પાંખથી મહાદેવથીયે મોટા જી.

આપણા ઘડવૈયા બાંધવ આપણે !

કોઈ તો રાચે છે વેળુછીપથી, કોઈ તો જળને હિલ્લોળ જી;

મરજીવો ઊતરે મ્હેરામણે, માથા સાટે મોતી-મોલ જી.

આપણા ઘડવૈયા બાંધવ આપણે !

નજરું ખૂંપી છે જેની ભોંયમાં, સામે પૂર એ શું ધાય જી !

અધીરા ઘટડાનો ધોડો થનગને, અણદીઠ ઓરું એને પાય જી.

આપણા ઘડવૈયા બાંધવ આપણે !

બેઠેલાનું બેઠું રહે વિમાસણે, વેળા જુએ નહિ વાટ જી;

ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી, વેડે તેને આવે હાથ જી;

આપણા ઘડવૈયા બાંધવ આપણે !

પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટેલા ફૂટે કરમ જી.

વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એના રે ભવન જી.

આપણા ઘડવૈયા બાંધવ આપણે !

**પ્રશ્નો** :

(I) કવિ પોતાને કોની સાથે સરખાવે છે?

(A) આવળ, બાવળ, બોરડી અને ગલના ગોટા

(II) મરજીવો મહેરામણે શા માટે ઊતરે છે?

(B) અણમોલ મોતી મેળવવા

(III) લક્ષ્યને કોણ પ્રાપ્ત કરી શકતું નથી?

(D) જેની નજરું ભોંયમાં ખૂંપી છે.

(IV) બેઠેલાનું બેઠું રહે વિમાસણે, વેળા જુએ નહિ વાટ જી, - આ પંક્તિ પૂર્ણ કરો.

(B) ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી, વેડે તેને આવે હાથ જી;

(V) કવિ બડભાગિયો કોને કહે છે?

(A) પોતાનું ભાગ્ય પોતે ઘડે તેને

**(Literature)**

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

(I) 'એકસરખા દિવસ સુખના' કાવ્યમાંથી શો બોધ મળે છે?

(A) અહંકાર ત્યજી, અન્યને ઉપયોગી બની ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવો.

(II) કવિ કાગ ભાવિ અંગેની શી કલ્પના કરે છે?

(A) સાથે બળીશું, ભેળા જન્મીશું

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં કવિને ભગિની-ભેરુ મળશે પરંતુ ______ નહિ મળે.

(A) કાલગંગામાં વિલીન થયેલી મા

(IV) 'ઢોરાં' લઘુકથામાં લેખકે રાજીમાને શી સલાહ આપી?

(B) ઢોરાં વેચીને નિરાંતે રહેવાની

(V) નારાયણ હેમચંદ્રને શો શોખ હતો?

(B) મિત્રો બનાવીને મોજ કરવાનો

(VI) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું...કારણ કે,

(B) એટલા પાપ વિનાના વર્ષ કોઈની પાસે ન હતા.

**પ્રશ્ન – 4 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,

ન પૂરું સૂવા દે; સ્વપ્ન મહીં આવે નજરમાં.
વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લેઈ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ-ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઈ પડ્યા !

હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા

ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી :
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી;

છતાં, હાવાં તોયે રખડું-શું હૈયું એવું હળ્યું કે
હું સ્વર્ગેથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;

હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.

ઉશનસ્

**પ્રશ્નો :**

(I) કવિને શેના પ્રત્યે આકર્ષણ છે? શા માટે?

ઉત્તર: કવિને વિવિધ રસ્તાઓ પ્રત્યે આકર્ષણ છે કારણ કે, કવિને પૃથ્વી પરના બધા જ રસ્તાઓનું પરિભ્રમણ કરીને પોતાની પ્રવાસપ્રીતિ સંતોષવી છે.

(II) રસ્તાઓ શી રીતે પૃથ્વી પર વીંટળાયેલા છે?

ઉત્તર: રસ્તાઓ અક્ષાંશ પર રેખાંશની ગૂંથણી કરી પૃથ્વી પર ભરડાની જેમ વીંટળાયેલા છે.

(III) કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે?

ઉત્તર: કવિ પોતાના હૈયાને રખડું ગણાવે છે.

(IV) ઝાડની ડાળી પર શું રહેલું છે? એને હલાવતા શી સ્થિતિ થાય છે? આ દ્વારા કવિ શું કહે છે?

ઉત્તર: ઝાડની ડાળી પર મધપૂડો રહેલો છે એને હલાવતાં એમાં રહેલી મધમાખી ઊડે છે. મધમાખીઓની જેમ અને ઝાડની ડાળીઓ પર નવી ફૂટેલી કૂપણની જેમ રસ્તાઓ બધે જ વિસ્તરેલા છે.

(V) 'આ રસ્તાઓ' કાવ્યના અંતમાં કવિની શી ઇચ્છા છે?

ઉત્તર: જે રસ્તાઓ પર કવિ ચાલ્યા નથી તે રસ્તાઓ પર મૃત્યુ પછી ધરતી પર પાછા આવીને ચાલવા માગે છે.

(VI) 'આ રસ્તાઓ' કાવ્યનો પ્રકાર જણાવો.

ઉત્તર: 'આ રસ્તાઓ' સૉનેટ કાવ્ય છે.

**પ્રશ્ન -5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** (5x1=5)

એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુઓમાં વસેલું વેનિસ નગરી અત્યંત મોહક છે. વાહનવ્યવહારના સાધન તરીકે ગંડોલા જ મુખ્ય સાધન છે. ગંડોલા એટલે નાનકડી હોડી. ગંડોલાના નાવિકો અંતરને ઓગાળી દે એવું સંગીત વહાવે છે, જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ. રાત્રે વિવિધ રંગોની લાઇટના પ્રકાશનું પ્રતિબિંબ ગ્રાન્ડ કેનાલને મુગ્ધ અને નયનરમ્ય બનાવે છે. વેનિસની કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે. તેની આ શોભા સાથે રેલાતા સંગીતના સૂરો ઇંદ્રલોકની યાદ અપાવે છે. પ્રભાતના સુવર્ણકિરણોથી વેનિસ સુવર્ણ-નગરી જેવી ઝળહળી ઊઠે છે. સમુદ્ર પર રેલાતો સૂર્યપ્રકાશ, નાનામોટા મોજાઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી અંતરમનને તરોતાજા બનાવે છે. ગાઢ વૃક્ષો પર પડતા સૂર્યપ્રકાશની રોશની સુવર્ણરજ જેવી લાગે છે. આમ, સમુદ્ર પરની આહ્લાદક અને સ્ફૂર્તિદાયક સફર માર્કોપોલોનું સ્મરણ કરાવે છે. વેનિસ શહેર તેની ભોગોલિક સીમા જલમાર્ગો અને સૌંદર્યમાં અનુપમ છે. તેની સાથે સાથે તે તેના સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્‌ભુત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના નિષ્ણાતે

ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગળેલા.

**પ્રશ્નો**:

(I) વેનિસની મોહકતા શેમાં છે?

ઉત્તર: વેનિસની મોહકતા એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુમાં વસેલુ હોવાને કારણે છે.

(II) ગંડોલા શું છે?

ઉત્તર: ગંડોલા એટલે નાનકડી હોડી. વેનિસ નગરીમાં વાહનવ્યવહારના મુખ્ય સાધન તરીકે ગંડોલા જ વપરાય છે.

(III) રાત્રે ગ્રાન્ડ કેનાલ કેવી રીતે શોભે છે?

ઉત્તર: વેનિસની કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે. તેની આ શોભા સાથે રેલાતા સંગીતના સૂરો ઇંદ્રલોકની યાદ આપે છે.

(IV) પ્રભાતના સુવર્ણકિરણોની વેનિસ પર શી અસર થાય છે?

ઉત્તર: પ્રભાતના સુવર્ણકિરણોથી વેનિસ સુવર્ણનગરી જેવી ઝળહળી ઊઠે છે. સમુદ્ર પર રેલતો સૂર્યપ્રકાશ, નાનામોટા મોજાઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી અંતરમનને તરોતાજા બનાવે છે. ગાઢ વૃક્ષો પર પડતા સૂર્યપ્રકાશની રોશની સુવર્ણરજ જેવી લાગે છે.

(V) લેખક નાવિકોના સંગીતની સરખામણી શાની સાથે કરે છે?

ઉત્તર: ગંડોલાના નવિકો અંતરને ઓગાળી દે એવું સંગીત વહાવે છે. લેખક આ સંગીતને વૃંદાવનમાં વાગતી વેણુના નાદ સાથે સરખાવે છે.

(VI) રસ્કિન વેનિસમાં શા માટે વર્ષો સુધી રહ્યો?

ઉત્તર: વેનિસ શહેર તેની ભોગોલિક સીમા જલમાર્ગો અને સૌંદર્યમાં અનુપમ છે. તેની સાથે સાથે તેના સ્થાપત્ય-કલાના અત્યંત સુંદર અને અદ્દ્ભુત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના નિષ્ણાતે ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગળેલા.

## (Applied Grammar)

**પ્રશ્ન-6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

(I) નીચેનામાંથી 'પેગડાંમાં પગ ઘાલવો, રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(B) બરાબરી કરવી

(II) નીચેનામાંથી 'કાળજું બાળવું' – રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(C) મનને દુઃખી કરવું

(III) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

(D) તાગડધિન્ના કરવા – મોજમજા કરવી

(IV) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

(C) મદ ઊતરી જવો – ખૂબ અભિમાની બનવું

(V) નીચેનામાંથી 'બુદ્ધિ લોપ પામવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(A) અક્કલ નષ્ટ થવી

(VI) નીચેનામાંથી 'બંડ કરવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(C) વિરોધ કરવો

**(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(B) મારી વેદનાને લીધે હું સૂઈ રહ્યો અને હવે કોઇ પૂછે તો કંઈ કહેવું નહિ એવો નિશ્ચય કર્યો.

(II) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(C) પૂનમનો ચાંદો ઊગી ગયો છે પણ હજી એનું અજવાળું આવ્યું નથી.

(III) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

શહેરમાં ______ કવિ સંમેલન હોય _____ તેઓ અચૂક હાજર હોય.

(B) જ્યારે - ત્યારે

(IV) નીચેના વાક્ય માટે યોગ્ય સંયોજક શોધો.

સરદાર પટેલ ______ પ્રામાણિકતા _____ પ્રામાણિકતા ______સરદાર પટેલ.

(C) એટલે, અને, એટલે

**(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર)** **(4x1=4)**

(I) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(C) શરણાઈના અલગ-અલગ સૂર અને રિયાઝ કરવાની તાલીમ લીધી.

(II) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(B) વતનમાં ગ્રામ્યસંસ્કૃતિની ઝલક અને લોકોની માનવતાની મહેક છે.

(III) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(B) ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવ્યું છે.

(IV) નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદક્રમ યોગ્ય છે, તે જણાવો.

(B) આજે તો જ્યાં જુઓ ત્યાં ચાડી, ચુગલી, નિંદા, પ્રપંચનો પાર નથી.

(V) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ યોગ્ય વાક્ય શોધો.

(C) વિદ્યાચતુરે કુસુમ અને કુમુદને ઉચ્ચ શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર આપ્યાં હતાં.

**(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય લખો.

(C) આકાશ કાળા કાળા વાદળાઓથી ઘેરાઈ રહ્યું છે.

(II) નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય લખો.

(B) જીવનમાં સફળતા મેળવવા મેં અથાગ પરિશ્રમ કર્યો.

(III) નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય લખો.

(C) હું મોહનને સત્ય અને અહિંસાના પાઠ ભણવીશ જ.

(IV) નીચેના વાક્યોમાંથી સાદા વર્તમાનકાળનું વાક્ય લખો.

(C) વિદ્યાર્થીઓ સુંદર અક્ષરે લખે છે.

## PART B (વર્ણનાત્મક પ્રશ્નો) (40)

## (Literature)

**પ્રશ્ન-7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x2=6)**

(I) ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

ઉત્તર: ગંગાસતી આલોક અને પરલોકની આશા છોડીને ભક્તિમાં અને ઈશ્વર સ્મરણમાં મન પરોવવાનું કહે છે. જગતમાં મળેલી સિદ્ધિઓને તરણા સમાન ગણવી. સિદ્ધિઓને કારણે અભિમાન ન આવે એની કાળજી લેવી. પોતાના વચનમાં હંમેશાં મક્કમ રહેવું આમ, જગતની મોહમાયાને ત્યજીને ઈશ્વરમય રહેવાનુ કહેવામા આવ્યું છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

ઉત્તર: શબરી રામદર્શનની ભૂખી હતી. પ્રભુ શ્રીરામે શબરીના એંઠા બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી, એમ મારી પણ ઇચ્છા પૂરી કરો. હે ! પ્રભુ મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજાની સેર કરવી છે. એટલે કે પરમતત્વને પામવું છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) કવિ પ્રભુલાલ દ્વિવેદીને મતે જીવનનો સાર શેમાં સમાયેલો છે?

ઉત્તર: કવિ મનુષ્યને બોધ આપે છે કે કદી નસીબને ભરોસે રહેવું નહીં નસીબ જો સાથ ન આપે તો રાજા પણ પળવારમાં રંક બની જાય છે. ધન, જન, સંપત્તિ કે સાહ્યબી સાથે આવતી નથી. ઈશ્વરના દરબારમાં ખાલી હાથે જ જવાનું છે માટે કવિ સજ્જનને અભિમાન ત્યજવાનું અને દુષ્કર્મોથી ડરવાનું કહે છે. મોતથી ડરવું નહિ. મોત એક જ વાર આવવાનું છે. આપણું ધાર્યું કંઈ થતું નથી, ઈશ્વરનું જ ધાર્યું થાય છે, મુશ્કેલીમાં રહેલા માણસને કદી હેરાન ન કરવો, દાઝ્યા પર ડામ દેવાનું કામ તો દુર્જનનું છે આપણું નહીં.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(IV) 'મેળો આપો તો' કાવ્યમાં કવિ શી અકળામણ અનુભવે છે?

ઉત્તર: જીવનમાં આવતાં પડકારોનો સામનો કરવાની તાકાત જરાપણ નથી. પડકારો દરિયા જેટલા છે. જીવનમાં નિરાશાઓ છે છતાં મૃગજલ જેવી આશાઓ વધારે દુઃખી કરે છે. કવિને આજ સુધી સુખ મળ્યું જ નથી માટે જીવનના મધ્યાહનની વચ્ચે કવિને એકલતા અકળાવે છે.
(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન-8 નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક)** **(1x3=3)**

(I) 'વડલો પંખીઓને શું કહે છે? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે?

ઉત્તર: ચારણ કવિ દુલા ભાયા કાગ રચિત 'વડલો ને પંખીડા' પદમાં પરસ્પર થતી આપ-લેમાંથી સ્નેહ સંબંધ બંધાય છે. આ સ્નેહબંધનની ગાંઠ લાંબા સમયે એટલી મજબૂત થઇ જાય છે કે એક બીજા વિના જીવન અશક્ય લાગે છે. જંગલમાં આગ લાગી ત્યારે વડલો પંખીઓને જૂના માળા છોડીને ઊડી જવા વિનંતી કરતા કહે છે, 'આગની જ્વાળાઓ આકાશ સુધી પહોંચી ગઈ છે. થોડા જ સમયમાં આ તરફ આવી જશે અને અમને ભરખી જશે. રૂડાં અને રસવાળા ફળની જેમ તમારા મીઠાં ટહુકા અમારા હ્રદયમાં વસ્યા છે. કોઈ દિન અમારી રાખ પર આવીને ટહુકી જજો એ જ અમારી ઇચ્છા છે. પ્રેમી પંખીડાં હવે આપણે આ જંગલમાં ફરીથી નહીં મળીએ આપણી વચ્ચે મોતનો પડદો પડ્યો છે. હવે બચવાનો કોઈ ઉપાય નથી.'પંખીઓ પ્રત્યુત્તર આપતા કહે છે, 'તારે આશરે અમે માળા બાંધ્યા, ઇંડાં ઉછેર્યાં, તારાં મીઠાં ફળ ખાધાં મરવાના સમયે જો અમે સાથ છોડી દઈએ તો અમને કલંક જ લાગે. હવે તો આપણે સાથે મરશું, સાથે જન્મ લઈશું અને તારી ડાળી પર અમે ફરીથી માળો બાંધીશું. જો મોત આવશે તો આપણે સાથે જ ઉચાળા ભરીશું.

આમ, પાંખો હોવાં છતાં પંખીઓ વડલાને ત્યજીને જવાને બદલે તેમની સાથે જ મરવાનું પસંદ કરે છે એ જ કાવ્યનું ખરું હાર્દ છે.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(II) 'બેટા, મને પાછી જવા દે' કાવ્યમાં કવિ નગરજીવનની વેધકતા શી રીતે પ્રગટાવે છે?

ઉત્તર: 'બેટા, મને પાછી જવા દે' કાવ્યમા ઉમા મહેશ્વરને પલટાતી સંસ્કૃતિ અને બદલાતી જીવનશૈલીને કારણે વડીલોના માનસ પર કેવી અસર કરે છે. આ જીવનશૈલી માને જરા પણ ગોઠતી નથી છતાં પણ પુત્રના સુખમાં પોતે સુખી છે એમાં નગરજીવનની વેધકતા પ્રગટ થઈ છે. નગરજીવનમાં સામાજિક સંબંધો નથી. મુખ્ય દરવાજા પર ભલે પધાર્યાને બદલે તાળું લટકતું હોય છે. ઉંબરામાં લક્ષ્મીનું સ્વાગત કરવા રંગોળી નથી હોતી. ફ્રીજમાં રાખેલો વાસી ખોરાક ખાય છે. સ્ત્રી-પુરુષોની કોઈ મર્યાદા નથી. આખો દિવસ ઘરનું બારણું બંધ હોય છે માટે ઘરમાં એની એ જ હવા ફર્યા કરે છે. રસોઈ માત્ર રવિવારે જ બને છે. જીવંત વસ્તુઓના ધ્વનિ, પંખીનો અવાજ, વરસતા વરસાદ વગેરે માટે મા તલસે છે. અહીં તો માત્ર કૃત્રિમતા જ છે માતાના હ્રદયની સૂક્ષ્મ વેદના કવયિત્રીના કોમલ મનને કોરી ખાય છે. એ માના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ થયું છે.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં આલેખાયેલું કવિનું કલ્પાંત આલેખો.

ઉત્તર: રમણીક અરાલવાળા લિખિત 'વતનાનો તલસાટ' સૉનેટ કાવ્યમાં કવિને વતનવિરહનો કારમો ઘા હૈયે લાગ્યો છે. તેની વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ બનાવે છે. જન્મભૂમિ જવા માટે કવિનો પ્રાણ પછાડા નાંખે છે. મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ કવિ અનુભવે છે. જીરવી જીરવાય નહિ, કોઇને કહેવાય નહીં, જરાપણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર

બન્યા છે. ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય તેવી વેદના તેમના તન-મનને બાળી રહી છે. જન્મભૂમિમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી કાલગંગામાં વિલીન થયેલી મા જ નથી, એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોચે છે. જનનીરહિત જન્મભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ પરિતોષ પામવાની ઝંખના છે.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

**પ્રશ્ન-9 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x3=9)**

(I) 'કુસુમનું કઠણ તપ' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

ઉત્તર: ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત 'સરસ્વતીચંદ્ર' નવલકથાના વૈવિધ્યસભર જીવંતપાત્રો,સુંદર વર્ણનો અને ચિંતનાત્મક ગદ્યશૈલીને કારણે ગુજરાતી સાહિત્યમાં જીવંત સ્થાન ધરાવે છે. વિદ્યાચતુર અને ગુણિયલની મોટી દીકરી કુમુદનું જીવન સરસ્વતીચંદ્રના ગૃહત્યાગને કારણે દુઃખમય બની ગયું હતું. કુસુમ હોશિયાર અને બુદ્ધિશાળી હતી. પશ્ચિમના આચાર-વિચારની ઊંડી છાપ તેના વ્યક્તિત્વ પર પડી હતી. બહેન કુમુદની વેદનાથી એ અજાણ ન હતી. પિતા વિદ્યાચતુર દીકરી પરણીને દુઃખી થાય એના કરતાં આજીવન કુંવારી રહે એમ ઇચ્છતા હતા પણ ગુણિયલ અને સુંદર કુસુમ પરણીને સુખી થાય એવું ઇચ્છતા હતા. માતા પિતાની ચિંતાનો પડઘો કુસુમના મન પર પડ્યો. એને આજીવન કુંવારી રહેવાનું અને માલણ જેવું જીવન જીવવાનો નિર્ણય કર્યો.

માલણ જેવુ સાદું અને કઠોર જીવન જીવવાના પ્રયાસરૂપે પોતે ચૂલો બનાવી ખીચડી પકાવે છે. ચૂલો સળગાવવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ફૂંક મારવા જતા એના મોં પર રાખોડી ચોંટી જાય છે. ધુમાડાને કારણે એની આંખો કેસુડાં રંગ જેવી લાલ થઈ જાય છે. તે છતાં મુશ્કેલીઓથી ડર્યા વિના કપરી પરિસ્થિતિમાં કેમ રહેવું એ માટે મનને તૈયાર કરે છે. સુંદરના સમજાવવા છતાં એ પોતાના વિચારોમાં મક્કમ રહે છે.

સમગ્ર નવલકથાખંડમાં લેખકે કુસુમના કઠણ તપનું સચોટ આલેખન કર્યું છે. માટે શીર્ષક સર્વથા યોગ્ય છે.

(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(II) 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધને આધારે પૂંજાની નિઃસ્વાર્થપરાયણતા આલેખો.

ઉત્તર: જૉસેફ મેકવાન લિખિત 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધમાં મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેના મન વૃત્તિ બદલવા, કેવળ નામ નહિ, કામ બદલવા જોઈએ. એ પૂંજા મેજરના પાત્ર દ્વારા આલેખાયું છે. ઈશ્વર પ્રત્યે એમને અપાર શ્રદ્ધા હતી. 'મોહે લાગી લગન' પંક્તિ હંમેશાં ગાતા રહેતા. એના ગીતમાં મસ્તી ટપકતી રહેતી. પૂંજાને કોઈપણ ચીજવસ્તુનો મોહ ન હતો. એમના મતે નોકરીના આટલા વર્ષોમાં એકઠી થયેલી ઘરવખરી એમને લજવતી હતી, માટે બધી જ ઘરવખરી જેને જોઈતી એને આપી દીધી. તેઓ દૃઢપણે માનતા હતા કે એને કાંઈ જોઈતું હશે તો ચોક્કસ ઈશ્વર આપશે જ.પૂંજો અને તેના પત્ની બે જણ, કોઈ જંજાળ નહીં. વંશવેલાનો કોઈ વલોપાત નહીં. શું ખાય કે શું પીએ કોઈને કશી ખબર નહીં. પૂરો સંત માણસ. આકાશના પંખી જેવો. વાવવું, લણવું, એકઠા કરવાની કોઈ પરોજણ નહીં. સાંજે છોકરાઓને ભેગા કરે સુવાર્તા સંભળાવે. કોઈની નિંદાની વાત આવે ત્યારે કોદાળીના ઘાથી ઘાસનું મૂળિયું ખોદી કાઢે, ક્યાં તો વાંસીથી વાડોલામાં પેસતી ધરો ખેંચી કાઢે. અને કહે આ કૂથલીના અપલક્ષણને ધરમૂળથી કાઢી નાંખવામાં ભલાઈ છે. ભક્તિમાં એને ભરોસો. બાઈબલમાં કહેલાં મર્મવચન પ્રમાણે વર્તવું એવું તેઓ હૃદયપૂર્વક માનતા. માંદાની માવજત કરે,

એને જોઈતી મદદ કરવા હંમેશાં તત્પર રહે. આમ, કોઈની તથામાં ક્યારેય ન પડે જે કરે એને પણ રોકે.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(III) 'અખાનો સંસારત્યાગ' નાટકમાં વ્યક્ત થતી અખાના સ્વભાવની ખાસિયતો સ્પષ્ટ કરો.

ઉત્તર: આપણા સુપ્રસિદ્ધ મધ્યકાલીન જ્ઞાની કવિ અખાના જીવન વિશે પ્રચલિત દંતકથાને આધારે લેખક ચંદ્રવદન મહેતાએ 'અખાનો સંસારત્યાગ' ચરિત્રનાટક લખ્યું છે. અહીં અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગને આબેહૂબ આલેખ્યો છે. એમાં અખાના ઉદાત્ત વ્યક્તિત્વને સુપેરે ચિત્રિત કર્યું છે. અખા જેવા સજ્જન વ્યક્તિને સમાજની રૂઢિગત ઢબ ને કારણે ઘણી મુસીબતો અને અપમાન સામનો કરવો પડે છે. અખાના પાડોશમાં રહેતા જમાનાબેન જેમને અખો ધર્મભગિની માનતો હતો. ભાઇ તરીકેની બધી જ જવાબદારી નિભાવતો હતો. જમનાબેન પણ અખાને પોતાનો સગોભાઇ માનતી હતી. આ સબંધો સમાજને માન્ય ન હતા તેથી અખા વિરુદ્ધ જમાનાબેનને ઉશ્કેર્યાં. જમાનાબેન પોતે અખા પાસે જમા કરેલા રૂપિયા કઢાવવા કંઠી પહેરવાનું કહીને કંઠી બનવડાવી, કંઠી બની ગયા પછી અખા પરના અવિશ્વાસને કારણે ચોકસી પાસે તેની ખરાઈ કરાવવા ગયા. આ વાતની જાણ થતાં અખાને જગતની માયાની સચ્ચાઇ સમજાઇ. પાખંડથી ભરેલી આ દુનિયામાં માણસ તો પામર છે. તે ભરમાઈ જાય છે. માટીના માળખામાં આટલો બધો પ્રપંચ. માનવમાત્રને માયાના બંધન છે. મારી બેન જેવી બેનને પણ મારા પર વિશ્વાસ નથી, પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોય સૂબેદારના મનમાં મારે માટે અવિશ્વાસ આવ્યો. માનવજીવન કેટલું સડેલું છે? માયાના આવરણ કેવા લાલ-પીળાં રંગ દેખાડે છે? માયાની ઇન્દ્રજાળથી કોઇ બચી શકતું નથી. માયા જુદા જુદા વેશ, ચિત્રવિચિત્ર પ્રપંચ લીલા વગેરે દ્વારા એ માણસને મર્કટની જેમ નચાવે છે. સોનું ઘડ્યું ત્યારે આળ આવ્યું ને હવે મારે સોનીનો ધંધો જ નથી કરવો. આ સંસાર અસાર છે. આમ, અખાને સંસાર પર વિરક્તિ આવી.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(IV) 'મોરનાં ઇંડાં' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

ઉત્તર:ગુજરાતી સાહિત્યમાં પત્રકાર, નવલકથા અને ટૂંકીવાર્તા ક્ષેત્રે ખ્યાતિ મેળવનાર ઈશ્વર પેટલીકરે પ્રસ્તુત વાર્તામાં 'માતપિતાના સંસ્કારો સંતાનોમાં આપોઆપ આવે કેળવવા પડતાં નથી' એ યથાર્થ રીતે રજૂ કર્યું છે.

ખંભાતના કિલાચંદશેઠની દીકરી કબુ સારા દિવસો લઇને મુંબઇથી આણંદ આવી. એને સહીસલામત ખંભાત લઈ જવા માટે બે ગાડીવાન અને મુનીમ સ્ટેશને આવ્યા. કબુ પાસે ઘણું જોખમ હતું. તેથી મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઇ જવાનું નક્કી કર્યું. પુત્રની કસોટી કરતો મહીજી અને પોતાની ફરજ બજાવતા પિતા પર ઘા કરતો પુત્ર બુધો ખરેખર જીવંત પાત્ર હોય એમ આપણા મનમાં વસી જાય છે. પુત્રનો ઘા ઝીલીને પણ તેની નીડરતા, શૂરવીરતા અને સ્વધર્મપાલનના ગુણોની પિતા પ્રશંસા કરે છે. અહીં પિતાની પુત્ર માટેની ખુમારી અને ગર્વની લાગણી સાથે જીવનમૂલ્યની ઓળખ પણ સ્પષ્ટ થાય છે. વાર્તામાં પુત્રના પરાક્રમથી હરખઘેલી બનેલી મા, ડરપોક મુનીમ, ગભરુ કબુ, નીડર તથા સ્વમાની વજેસંગ અને દલભાઈના પાત્રો વાર્તાને વધારે જીવંત બનાવે છે. 'મોરનાં ઇંડાં ચીતરવા ન પડે' એ કહેવત બુધા અને મહીજીના પાત્ર દ્વારા અહીં ખરેખર સિદ્ધ થાય છે તેથી શીર્ષક યથાર્થ જ છે.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

(V) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક હતો. તે બહુ બુધ્ધિશાળી હતો. લોકોને સદાચાર તરફ વળવા સમજાવવા લોકો સાથે અલકમલકની વાતો કરતો. લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા. સૉક્રેટિસ તે દ્વારા તેમને સાચો ધર્મ સમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી હતો. તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.'એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચામાં ઊતરતો. તે સ્વતંત્ર અને ઊંડો વિચારક હતો. પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશાં નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું.' ખાસ કરીને યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ હતો. સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર પડી હતી. આ જોઈ એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. એનેટસ નામના આગેવાનનો જુવાન છોકરો સૉક્રેટિસ સાથે બેસતો હતો. જે એમને ગમતું નહીં. છેવટે સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ મૂક્યો. તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા થઈ.
(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ- ૧)

**પ્રશ્ન-10 નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક)** **(1x4=4)**

(I) ઉમાશંકર જોશી

(II) ગોવર્ધનરામ ત્રિપાઠી

લેખક પરિચય :

પ્રસ્તાવના પ્રારંભિક પરિચય 1

શિક્ષણ – વિશિષ્ટ સિધ્ધિઓ 1

સાહિત્ય ક્ષેત્રે પ્રદાન 2

## (Effective writing Skill)

**પ્રશ્ન- 11. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક)** **(1x8=8)**

**(I) પ્રાર્થનાનું અદ્દભુત બળ :**

**મુદ્દા :** પ્રસ્તાવિક –પ્રાર્થના – પ્રાર્થનાથી થતી આંતરશુધ્ધિ – સર્વધર્મમાં પ્રાર્થનાનું પ્રાધાન્ય – પ્રાર્થનાનું અદ્દભુત બળ – ઉપસંહાર.

**(II) વર્તમાન ભારતના સળગતા પ્રશ્નો :**

**મુદ્દા :** પ્રસ્તાવના – ભારતની વર્તમાન સ્થિતિ - વિવિધ સમસ્યાઓ –નિવારણના ઉપાયો – ભારતના નાગરિક તરીકે ફરજ – ઉપસંહાર.

**(III) જીવનમાં ઉત્સવોનું મહત્ત્વ:**

**મુદ્દા :** પ્રાસ્તાવિક – પરંપરાગત ઉત્સવો - ઉત્સવોનું જીવનમાં મહત્ત્વ – ઉત્સવોની ઉજવણીમાં અવિવેક – ઉપસંહાર.

પ્રસ્તાવના – ૧
વિષયવસ્તુ – ૨
ભાષા અભિવ્યક્તિ – ૧

ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૨
ઉપસંહાર -૧
નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...
- વિષયની પસંદગી
- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.
- વિષયાંતર થયું છે કે નહિ
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી.

**પ્રશ્ન 12 પર્યાવરણની જાળવણી અંગે યોજાયેલી એક કાર્યશિબિરની સાથે ઉજવાયેલા 'વૃક્ષારોપણ દિન'ની માહિતી આપતો અહેવાલ વર્તમાનપત્રના તંત્રીને લખો.** **(1X5=5)**

**અથવા**

**તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.**

પ્રારંભ - ૧
વિષયવસ્તુ – ૨
ભાષા અભિવ્યક્તિ – ૧
ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૧
અહેવાલલેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :
અહેવાલના વિષયને સમજી કાચી રૂપરેખા બનાવો.
ઘટનાક્રમ જાળવો.
મહત્ત્વની બાબતો રહી ન જાય તેનું ધ્યાન રાખો.
કોઈપણ ઘટના કે હકીકત જેવી બની હોય એવી જ, જરાય અતિશયોક્તિ વિના લખવી.
અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, વ્યક્તિ વિશેષ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો.
ઘટનાના વણાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.
અહેવાલની ભાષા શુદ્ધ, સરળ અને આકર્ષક હોવી જોઈએ.

**પ્રશ્ન-13. તમારા વિસ્તારમાં ઘણા વખતથી ચાલતા મેટ્રો ટ્રેનના કામને કારણે અનુભવવી પડતી મુશ્કેલીઓ અંગે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.** **(1x5=5)**

**અથવા**

**વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્ત કરવા યોજાયેલી કાર્યશિબિર વિશે માહિતી આપીને તેને વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવા વિનંતી કરતો પત્ર વર્તમાનપત્રના તંત્રી(સંપાદક)ને લખો.**

સરનામું અને તારીખ- ૧

સંબોધન અને અભિવાદન – ૧

વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – ૨

સમાપન અને લિખિતંગ – ૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો. પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ

એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.

પત્રની ભાષા સરળ અને શુધ્ધ હોવી જરૂરી. કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

************************